ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

તાપમાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૬.૦° સે.	૨૪.૦° સે.
આહવા	૩૭.૦° સે.	૨૧.૦° સે.
વલસાડ	૩૫.૦° સે.	૨૬.૦° સે.
વાપી	૩૫.૦° સે.	૨૬.૦° સે.

13 વર્ષના બાળકે દીપડા સાથે બાથ ભીડતાં જીવ બચ્યો

મીણકચ્છ ગામમાં વીજળી ડૂલ થતાં ઘરમાં ઘૂસી આવેલા દીપડાએ બાળક પર હુમલો કર્યો

સોલધરા ગામે ઇકો પોઇન્ટ તળાવ પાસે પણ દીપડો દેખાતા ભયનો માહોલ

ઘેજ: ચીખલીના મીણકચ્છ ગામે નાયકીવાડ ફળિયામાં રાત્રે વીજળી ડૂલ થતાં એક શ્રમજીવી મકાનમાં અચાનક દીપડો ઘરમાં ઘૂસી આવ્યો હતો. દીપડાએ ૧૩ વર્ષીય બાળકને માથા અને કમરના ભાગે વ્હોર મારતા ઈજા પહોંચી હતી. દીપડો બાળકને પાંચેક મીટર દૂર સુધી ખેંચી ગયો હતો. જોકે બાળક નૈતિક અંકિત નાયકાએ દીપડા સાથે બાથ ભીડી બૂમાબૂમ કરતાં તેની માતા મદદ દોડી આવી હતી. જેને પગલે દીપડો બાળકને ત્યાંજ પડતો મૂકી ખેતર તરફ ભાગી ગયો હતો. મીણકચ્છ ગામના સરપંચ જયેશભાઈએ ચીખલી વન વિભાગને જાણ કરતાં વન વિભાગની ટીમે પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

રવિવારના રોજ સાંજે ચાર વાગ્યાના અરસામાં સોલધરા ઇકો પોઇન્ટ તળાવના નાકે તળાવની ફરતે ફેન્સિંગ કરતાં શ્રમજીવીઓ પાસે અચાનક દીપડો આવી ચડતા શ્રમજીવીઓમાં ભારે ભયનો માહોલ વ્યાપી જવા પામ્યો હતો. આ અગાઉ ત્રણ દિવસ પૂર્વે પણ મહેતા ફળિયા અને માહિય વંશી મોહલ્લા પાસે પણ દીપડો નજરે ચડ્યો હતો. પાંચ ઓક્ટોબરની રાત્રે ચીખલી તાલુકાના ફડવેલ ગામે દાદરા ફળિયામાં દીપડાએ મહિલા સહિત બે જેટલા પર હુમલો કરતા સ્થાનિકોમાં ભારે દહેશતનો માહોલ સર્જાવા પામ્યો છે.

અમૃતસરમાં મેડ સંધુના હત્યા કેસમાં 3 વાપીથી ઝડપાયા

વાપી: પંજાબ રાજયના અમૃતસરમાં લોરાહકા રોડ પર આવેલા કાર વોશિંગ સેન્ટર નજીક તા.3-10-2026 ના રોજ મધુ સુદાન સિંહ ઉર્ફે મેડ સંધુની બે અજાણ્યા શખ્સએ ફાયરિંગ કરી હત્યા કરી હતી. આ કેસમાં સંડોવાયેલ ઈસમોને લગતી બાતમી સી.આઈ.એ. પંજાબના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ગુજરાત એટીએસના વરિષ્ઠ અધિકારીઓ સાથે શેર કરવામાં આવી હતી. મર્ડર ગુનામાં સંડોવાયેલા હરસિમરનજીત સિંહ ઉર્ફે સીમુ સિંગ્ગા સરબજીત સિંહ, ફતેહસિંહ દિલબાગ સિંહ તથા અરમાનસિંહ સતનામ (તમામ રહે., સંગે, જિલ્લો-તરંતારન) વાપીમાં હોવાની માહિતી મળી હતી. જે બાદ વલસાડ એસઓજી સાથે વિગતો શેર કરી હતી અને વલસાડ એસઓજી એ ત્રણેય ઈસમને ડીટેન કરી એ.ટી.એસ. ગુજરાત લાવવામાં આવ્યા હતાં. પૂછપરછમાં ઈસમો દ્વારા રેકી અને અન્ય બાબતોનો ખુલાસો થયો હતો.

UPSC પરીક્ષા પાસ કરાવવાની લાલચે વિદ્યાર્થિની સાથે આચાર્યનું દુષ્કર્મ

પારડીમાં એક્સ્ટ્રા ક્લાસના બહાને લેબનો દરવાજો બંધ કરી કુકર્મ આચરતો, આચાર્યની ધરપકડ

પારડી: પારડીમાં આવેલી એક શાળામાં પ્રિન્સિપલે સગીરવયની વિદ્યાર્થિનીને યુપીએસસી પરીક્ષામાં પાસ કરાવવાની લાલચ આપી એના સાથે વારંવાર દુષ્કર્મ કર્યું હતું. તાજેતરમાં જ વિદ્યાર્થિનીના પિતાએ પ્રિન્સિપાલને રંગે હાથ પકડી લેતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. રવિવારે પારડી પોલીસે પ્રિન્સિપલ સામે કાયદેસરનો ગુનો દાખલ કરી આરોપી કિશોર ચુડાસમની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, પારડી શહેરની એક શાળાના આચાર્ય કિશોર મહેન્દ્રભાઈ ચુડાસમા (ઉં 42, રહે. ઓરવાડ મહાવીર રેસીડેન્સી તાલુકા પારડી)એ સગીરવયની વિદ્યાર્થિનીને ઉજ્જવળ ભવિષ્ય અને યુપીએસસી પાસ કરાવી IPS અને IAS બનાવવાની મોટી મોટી વાતો કરી વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ એક્સ્ટ્રા ક્લાસના બહાને રોકી શાળાની લેબમાં દરવાજો અંદરથી બંધ કરી સગીરા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરી શોષણ કર્યું હોય માસુમ દીકરીના બદલાયેલા માનસિક વર્તનથી વાલીને શંકા ગઈ હતી. એક દિવસે શાળા છૂટ્યા બાદ પણ દીકરી ઘરે ન પહોંચતા પિતા જાતે તપાસ કરવા પહોંચ્યા હતાં. જ્યાં શાળાનો એક ઓરડો અંદરથી બંધ મળતા પિતાએ દરવાજો ખોલવતા દીકરી ડરી ગયેલી અને ડઘાયેલી હાલતમાં મળી આવી હતી. બાળકીને સાંત્વના આપી પૂછપરછ કરતા સમગ્ર ઘટના બહાર આવતા જ આચાર્ય કિશોર ચુડાસમા ફરાર થઈ ગયો હતો. પારડી પોલીસે સમગ્ર મામલે તપાસ કરી હતી અને આ બાબતની તપાસ પારડીના પીઆઇ વાય. બી. ગોહિલ કરી રહ્યા છે. વિદ્યાર્થિનીના પિતાએ પારડી પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, યુપીએસસીની એક્ઝામ ક્લિયર કરાવી આપીશ અને આઈએએસ બનાવવામાં મદદ કરવાનું કહી કોઈ બહાને ફિઝિક્સ લેબમાં મોકલી કિશોર ચુડાસમાએ સગીર વયની વિદ્યાર્થિનીનો પીછો કરી ફિઝિક્સ લેબમાં આવી રૂમનો દરવાજો બંધ કરી વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ કર્યું હતું. તેમજ આ રીતે અવાર નવાર સ્પોર્ટ્સ રૂમમાં તથા ફિઝિક્સ લેબમાં દુષ્કર્મ કર્યું હતું. પારડી પોલીસે આરોપી કિશોર ચુડાસમાની ધરપકડ કરી આ બાબતે વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડ રેલવે સ્ટેશને આરોપી ચાલુ ટ્રેને કૂદી નાસી છૂટ્યો

વાપી RPF સુરત કોર્ટમાં લાવી રહી હતી, પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો

વલસાડઃ વાપી આરપીએફ (RPF) દ્વારા સુરત રેલવે કોર્ટમાં રજૂ કરવા લઈ જવાઈ રહેલો એક આરોપી વલસાડ રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી મુસાફરોની ભીડનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. જોકે, સતર્ક બનેલી આરપીએફ ટીમે તાત્કાલિક શોધખોળ હાથ ધરી તેને ફરી ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, વાપી આરપીએફ પોસ્ટમાં ફરજ બજાવતા સબ ઈન્સ્પેક્ટર હરપાલસિંહ ગંગારામ જાગીડે નોંધાવેલી ફરિયાદ અનુસાર, અગાઉ નોંધાયેલા ગુના હેઠળ અંકિતભાઈ રવિંદ્રભાઈ ચૌધરી (ઉં.વ.૨૬, રહે., મીનાબેનની ચાલી, બલીઠા, વાપી, મૂળ રહે., વ્યારા, જિ.તાપી)ની અટકાયત કરવામાં આવી હતી. ૧૦ ઓક્ટોબરે સવારે વાપીથી સુરત રેલવે કોર્ટ ખાતે રજૂ કરવા માટે આરોપીને બાંદ્રા-સુરત ઈન્ટરસિટી એક્સપ્રેસના કોચ સી/૫ માં બેસાડી રવાના કરવામાં આવ્યો હતો. સવારે આશરે ૦૯:૪૧ વાગ્યે ટ્રેન વલસાડ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૨ પર પહોંચી ત્યારે આરોપીએ શૌચાલય જવાનું બહાનું કાઢ્યું હતું. પ્લેટફોર્મ પર મુસાફરોની ભારે ભીડ અને અવરજવરનો લાભ લઈને આરોપી ચાલુ ટ્રેને પ્લેટફોર્મ પર કૂદીને નાસી છૂટ્યો હતો.

ઘટના બનતાં જ આરપીએફ અધિકારી પણ ટ્રેન ધીમી પડતાં યાર્ડમાં ઉતરી ગયા હતા અને તાત્કાલિક અન્ય સ્ટાફ હેડ કોન્સ્ટેબલ દિલીપ દંતાણી, સંદીપ બાગુલ તથા નિલેશ વેલેસકરની મદદ મેળવી સ્ટેશનના પૂર્વ તેમજ પશ્ચિમ વિસ્તારમાં સઘન શોધખોળ હાથ ધરી આરોપી અંકિત ચૌધરીને ઝડપી લીધો હતો.

ધોડવણી ગામે અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

ઘેજ: ડાંગના શામગાહન પટેલ ફળિયા ખાતે રહેતા સંતોષ ખંડુંભાઇ રાઠોડ (ઉં.વ.૨૮) અને મિત્ર પ્રવીણભાઇ છૂટક મજૂર કામ કરવા માટે વલસાડ હીરો પેશન પ્રો (નં. જીજે ૨૧ આર ૫૦૩૪) ઉપર જઇ રહ્યા હતા. દરમ્યાન ચીખલીના ધોડવણી મોટા ફળિયા પીપલખેડથી પાણીખડક જતાં રોડ ઉપર પૂરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા કારચાલકે પાછળથી ટક્કર મારતા મોટરસાયઇલ ચાલક સંતોષ રાઠોડને ગંભીર ઇજા પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે મિત્ર પ્રવીણભાઇને ઇજા પહોંચતા સુરત સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવસારીમાં રૂ. 3.88 લાખ વસૂલ્યા બાદ પણ ધમકી

નવસારીઃ ઘેલખડી વિસ્તારમાં લક્ષ્મીનગર-2, માધવ પાર્ક નજીક રહેતા સફાઇ કામદાર 47 વર્ષીય ભરતભાઈ અમરતભાઈ ભીમાભાઈ વિંઝુડાએ અમિતભાઈ રાઘવજીભાઈ જોગડિયા અને અનિલભાઈ કાઠી સામે ફરિયાદ આપી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદીના પરિચિત દીપક સાતવાડેએ અમિતભાઈ પાસેથી નાણાં ઉછીનાં લીધાં હતાં, જેમાં તેઓ જામીનદાર બન્યા હતા. દીપક નવસારી છોડીને જતો રહ્યો હતો અને નાણાં પરત ન કરતાં અમિતભાઈએ ફરિયાદી પાસે ઉઘરાણી શરૂ કરી હતી. હપ્તાવાર કુલ રૂ. 3,88,000 વસૂલવામાં આવ્યા હોવા છતાં વધુ નાણાંની માંગણી કરવામાં આવતી હતી. જે અંગે નવસારી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મોહનગામમાં ચિકન શોપ બંધ કરાવતા અદાવતમાં વૃદ્ધ ઉપર હુમલો

ઉમરગામ: ઉમરગામના મોહનગામ પરાસલા ફળિયામાં રહેતા ફરિયાદી નિતીનચંદ્ર બાલચંદ્ર કારબારી (ઉં.વ.72)એ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેમની જમીનમાં અનિલ ધીરુભાઈ હળપતિ (રહે., મોહનગામ, જંબુરી ફળિયા)એ છાપરું બનાવી અન્યને ચિકન શોપ ચલાવવા ભાડે આપી હોય તે બંધ કરાવતા અદાવત રાખી શુક્રવારે રસ્તામાં તેમની કારને અટકાવી હુમલો કરી મારી ચિકન શોપ કેમ બંધ કરાવી છે, એમ કહી આજે તો જવા દઉં છું, બીજી વાર મળશો તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી નાસી ગયો હતો. નીતિનચંદ્રને માથાના ભાગે ઇજાઓ પહોંચતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતા. આ બનાવ અંગે ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

ઉમરગામના દરિયામાં ડૂબી જવાથી 12 વર્ષના બાળકનું મોત

ઉમરગામ: ઉમરગામ ટાઉન નવીનગરી દરિયાકિનારે રવિવારના રોજ દરિયાના પાણીમાં છએક જેટલા બાળ મિત્રો નાહવા પડ્યા હતા. દરમ્યાન દરિયાના ઊંડા પાણીમાં ભરતીમાં તેઓ ફસાઈ જતાં સ્થાનિક લોકો, પોલીસ, ફાયરના જવાનો અને તરવૈયાઓએ પાણીમાંથી ફસાયેલા બાળકોને બહાર કાઢી બચાવી લીધા હતા. પરંતુ એક બાળક સાંઈ બબલુ મિશ્રા (ઉં.વ.12, રહે., સુંદરવન, ઉમરગામ, મૂળ રહે., યુપી) ભરતીના પાણીમા ઊંડે તણાતા ડૂબી ગયો હતો. જેનો મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

ડાંગના વનરક્ષક- વનપાલ કર્મીઓનો કાળા વસ્ત્રો ધારણ કરી વિરોધ

આહવાની ચિંતન શિબિરમાં પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ, આંદોલનની રણનીતિ ઘડાઈ

ગીરીશ ભોયે

સાપુતારાઃ ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળના આંદોલનના ભાગરૂપે ડાંગ જિલ્લાના આહવા ખાતે વનરક્ષક-વનપાલ કર્મચારીઓની ચિંતન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં ડાંગ જિલ્લાના મોટી સંખ્યામાં વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાના લાંબા સમયથી પડતર રહેલા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ લાવવાની માંગ સાથે કર્મચારીઓએ કાળા વસ્ત્રો ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો. ચિંતન શિબિર દરમિયાન કર્મચારીઓએ ખાખી પેન્ટ સાથે કાળા શર્ટ અને ટી-શર્ટ પહેરીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. લાંબા સમયથી પડતર પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ ન આવતાં કર્મચારીઓમાં અસંતોષની લાગણી જોવા મળી હતી. શિબિરમાં કર્મચારીઓએ પોતાના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી અને આગામી સમયમાં આંદોલનને વધુ અસરકારક રીતે આગળ ધપાવવા માટેની રણનીતિ ઘડી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન કર્મચારીઓએ “દરખાસ્ત નહીં, ભથ્થું આપો” અને “વાયદા નહીં, રજા પગાર આપો” જેવા સૂત્રોચ્ચાર કરીને પોતાની વિવિધ માંગણીઓ પ્રત્યે તંત્રનું ધ્યાન દોર્યું હતું. કર્મચારીઓએ પડતર પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા તેમજ અગાઉ આપવામાં આવેલા વચનોનો અમલ કરવાની માંગણી કરી હતી. આહવા ખાતે યોજાયેલી આ ચિંતન શિબિર દ્વારા ડાંગ જિલ્લાના વનરક્ષક-વનપાલ કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓના નિરાકરણ માટે એકતા અને મક્કમતા દર્શાવી હતી. હવે કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ માટે વન વિભાગનું તંત્ર કેવાં પગલાં ભરે છે અને આગામી દિવસોમાં આંદોલન કેવું સ્વરૂપ ધારણ કરે છે, તેના પર સૌની નજર મંડાયેલી છે..

નવરાત્રિના આરંભ સાથે પારનેરા ડુંગરે માતાના દર્શન માટે ભક્તોની ભીડ

- વલસાડ નજીકના પારનેરાના ડુંગર ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ તરીકેનું મહત્ત્વ ધરાવે છે. ડુંગર ઉપર ચંદ્રિકા, ચામુંડા અને અંબિકા અને કાળિકા માતાનું મંદિર છે. અહિયાં દર વર્ષે આસો નવરાત્રિ દરમિયાન આઠમના દિવસે મેળો ભરાય છે, જેમાં હજારો શ્રદ્ધાળુઓ ભક્તિપૂર્વક ભાગ લેતા હોય છે. આ ઉપરાંત આ ડુંગર પર ચાંદપીર બાબાની દરગાહ પણ છે. આસો નવરાત્રિના પ્રથમ દિવસે જ મંદિરમાં દર્શન માટે ભકતોની ભીડ ઉમટી હતી.

સંક્ષિપ્ત સમાચાર

બે વર્ષથી ફરાર પ્રોહિબિશનનો આરોપી ચોટીલાથી ઝડપાયો

નવસારી: નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી પોલીસ પકડથી દૂર રહેલા જાકીરભાઈ હુસેનભાઈ કલાડિયા (ઉં.વ.31, રહે., ઘાંચીવાડ, ચોટીલા, જિલ્લો સુરેન્દ્રનગર)ને એલસીબી પોલીસે ચોટીલા ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપી વિરુદ્ધ અગાઉ અમદાવાદ ગ્રામ્યના બગોદરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો તેમજ મોરબી સિટી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાહેર માર્ગ પર અડચણરૂપ રીતે વાહન રાખવા અંગેનો ગુનો નોંધાયેલો છે.

પારડી મોતીવાડામાં લગ્નની લાલચ આપી સગીરાનું અપહરણ કરનાર સામે ફરિયાદ

પારડી: પારડીના મોતીવાડા ગામમાં રહેતો યુવકે સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી અને વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો. આ બાબતની જાણ પરિવારજનોને થઈ હતી. ત્યારબાદ વાલીએ પારડી પોલીસ મથકમાં અપહરણ કરનાર પાર્થ પટેલ (રહે. મોતીવાડા) સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વાંસદાના વડબારી ફળિયામાં ૨૦ વર્ષ બાદ ડામરનો રસ્તો બન્યો

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદાના વડબારી ફળિયાથી હેલીપેડ થઈ મનપુર ગામ તરફ જતો મુખ્ય માર્ગ છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી બિસમાર હાલતમાં હોય, જે માર્ગનું નવનિર્માણ કરવાની ગ્રામજનોની લાંબા સમયથી ચાલી આવતી માંગણી આખરે પૂર્ણ થતાં માર્ગ પર ડામરકામ પૂર્ણ થતા સ્થાનિક ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ માર્ગને નવો બનાવવાની માંગણીને લઈને ગ્રામ પંચાયતના વોર્ડ સભ્ય હસમુખલાલ બી. શર્માએ સરપંચ ગુલાબભાઈ પટેલ, ઉપસરપંચ હેમાબેન ડી. શર્મા સાથે મળીને તાલુકા પંચાયતમાં રજૂઆતો કરી હતી. જેના પરિણામે ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂ. ૩,૫૦,૦૦૦ની રકમ ફાળવણી કરવામાં આવી હતી.

વાપી ડુંગરી ફળિયામાં ટેમ્પોની ટક્કરે પાંચ વર્ષીય બાળકીનું મોત

વાપી: મૂળ યુપી અને હાલ વાપીના ડુંગરી ફળિયામાં રહેતા અબુતલહા અનિરૂલ્લાહ ખાન (ઉં.37) તા.16-9-26 ના રોજ પત્ની તસરીકુનિશા તથા પાંચ વર્ષીય પુત્રી ઈલ્મા ફાતીમા સાથે ડુંગરી ફળિયા વાપીથી નાનાપોંઢા રોડ ઓળંગી રહ્યા હતા, તે સમયે પસાર થઈ રહેલ ટેમ્પોની ટક્કરે ઈલ્માને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેનું તા.18-9-26 ના રોજ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

આચાર્ય આપઘાત પ્રકરણ: નાનાપોંઢા તા.પ્રા. શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્યને રજૂઆત

વલસાડ: નાનાપોંઢા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા નીલોશી શાળાના આચાર્યના આપઘાત પ્રકરણ બાદ પરિવારને ન્યાય અપાવવા, શિક્ષકો ઉપર ભારણ ઓછું કરવા શિક્ષકોની શિક્ષણ સિવાયની અન્ય તમામ કામગીરી બંધ કરવામાં આવે, ઓનલાઇન કામગીરી ભારણ ઓછું કરવામાં આવે સહિતના મુદ્દે કપરાડા તાલુકાના સંઘના મહામંત્રી અને રાજ્ય કો.ઓર્ડીનેટર આનંદ પટેલ, કપરાડા પ્રમુખ બિપિન પટેલ, નાનાપોંઢા સંઘ પ્રમુખ મિતેષ પટેલ સહિતની ઉપસ્થિતિ વચ્ચે આવેદન પત્ર ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીને આપવામા આવ્યું હતું.

નવસારીમાં ‘વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન’નો પ્રારંભ

નવસારીઃ નવસારી ટાઉનહોલ ખાતે ત્રિદિવસીય ‘વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન’નો શુભારંભ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે. ISRO દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં અંતરિક્ષ મિશનો, ‘સ્પેસ ઓન વ્હીલ્સ’ અને રોકેટ લોન્ચિંગનું જીવંત પ્રદર્શન સહિતની માહિતી રજૂ કરવામાં આવશે. ત્રણ દિવસ દરમિયાન અંદાજે ૮થી ૧૦ હજાર વિદ્યાર્થીઓ પ્રદર્શન નિહાળશે.

દમણમાં પાંચ સ્થળેથી કુલ 59.70 લાખનો દારૂ ઝડપાયો

પોલીસની ગાડીને ટક્કર મારી ભાગવાત જતાં બે પોલીસ કર્મીને ઈજા

દમણઃ સંઘપ્રદેશ દમણના ડાભેલ પોલીસને સોમનાથ વિસ્તારમાં હોટલ મેટ્રો ઈન નજીકથી દારૂની ગેરકાયદે હેરાફેરી થવાની બાતમી મળી હતી. જેના આધારે વહેલી સવારે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન GJ-15-AV-8401 નંબરનો ટાટા યોદ્ધા ટેમ્પો પૂરઝડપે નીકળતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ટેમ્પોચાલકે ભાગવાના પ્રયાસમાં પોલીસના વાહનને ટક્કર મારતાં બે પોલીસકર્મીને ઈજા પહોંચી હતી. ત્યારબાદ ટેમ્પો કુંતા રોડ મારફતે ગુજરાત તરફ ભાગ્યો હતો, પરંતુ ટાયર પંક્ચર થતાં પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. ટેમ્પોમાંથી રૂ.8,60,500ની કિંમતના દારૂ અને બિયરના 262 બોક્સ તથા 66 બોટલ મળી આવી હતી. પોલીસે અર્જુન શ્રીનિવાસ પટેલ (રહે., ચલા, વાપી), સુરેશકુમાર અશોકભાઈ પટેલ (રહે. મોટી વાકડ, ભીમપોર), અભય ભરતભાઈ પટેલ (રહે. કિકરલા, ઉદવાડા) અને કૃપેશ ઉર્ફે વિશાલ અરુણભાઈ પટેલ (રહે. દુનેઠા, નાની દમણ) ની ધરપકડ કરી છે. દારૂ ભરેલા ટેમ્પોને રસ્તો બતાવવા માટે ટુ-વ્હીલરનો ઉપયોગ કરાયો હોવાનો પણ પોલીસ તપાસમાં ખુલાસો થયો છે. બીજી તરફ, કચીગામ પોલીસે રીંગણવાડા વિસ્તારમાં ફાયર બ્રિગેડ નજીક આવેલી બંધ વિજય પ્લાસ્ટો કંપનીમાંથી 1,312 બોક્સમાં ભરેલી 42,179 બોટલ અને ક્વાર્ટર સહિત રૂ. 45,12,402ની કિંમતનો દારૂ અને બિયર જપ્ત કર્યો હતો. આ ઉપરાંત કડૈયા પોલીસે ભીમપોર સ્કૂલ પાછળ ડોરી કડૈયા વિસ્તારમાં, નાની દમણના દિલીપનગર વિસ્તારમાં યજ્ઞસેન એપાર્ટમેન્ટ ખાતેથી દારૂ ઝડપી પાડ્યો હતો.

નવસારી દેશના ૭૫૦થી વધુ જિલ્લાઓમાં પ્રથમ બન્યો

૩૫૮ ગ્રામ પંચાયતોના PAI રિપોર્ટ તૈયાર

નવસારીઃ નવસારી જિલ્લા પંચાયત અને જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ ૨.૦ (PAI) વિષયક જિલ્લા સ્તરીય કાર્યશાળા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

નવસારી જિલ્લો દેશના ૭૫૦થી વધુ જિલ્લાઓમાં પ્રથમ બન્યો છે, જ્યાં ૩૫૮ ગ્રામ પંચાયતોના વિશિષ્ટ PAI રિપોર્ટ અને બુકલેટ તૈયાર કરવામાં આવ્યા છે. મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતોના વિકાસમાં સરપંચો અને તલાટીઓની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. તેમણે નવસારી જિલ્લો રાજ્ય જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી અપેક્ષા

વ્યક્ત કરી હતી. કાર્યશાળામાં રજૂ કરાયેલા અહેવાલ મુજબ, નવસારી જિલ્લાએ ૬૬.૨૬ના સ્કોર સાથે ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં સાતમો ક્રમ મેળવી ‘B ગ્રેડ’ પ્રાપ્ત કર્યો છે. જિલ્લામાં ૩૬ ગ્રામ પંચાયતો ‘B ગ્રેડ’, ૨૧ ‘C ગ્રેડ’ અને એક પંચાયત ‘A ગ્રેડ’માં સ્થાન પામી છે. આરોગ્યપ્રદ પંચાયત ક્ષેત્રે જિલ્લાનો સ્કોર ૭૭.૯ રહ્યો હતો. કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, ધારાસભ્ય રાકેશ દેસાઈ, કલેક્ટર મનીષ ગુરવાની સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

વેસ્મા બ્રિજ પાસે અકસ્માતમાં સુરતના યુવકનું મોત

નવસારીઃ નેશનલ હાઈવે-48 પર વેસ્મા બ્રિજ પાસે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં સુરતના યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સુરતથી નવસારી તરફ GJ-05-NX-2420 નંબરની પલ્સર બાઇક લઈને જઈ રહેલા ઋષિલ કમલેશ ચૌહાણ (રહે., સુરત) અકસ્માતનો ભોગ બન્યા હતા. અકસ્મતમાં ટક્કર એટલી ગંભીર હતી કે યુવકનો મૃતદેહ અને બાઇક આશરે 50 મીટર દૂર ફગોળાયા હતા. અકસ્માત કોઈ અજાણ્યા વાહનની ટક્કરથી થયો હતો કે બાઇક ડિવાઇડર સાથે અથડાઈ હતી, તે અંગે હજુ સુધી ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. બનાવની જાણ થતાં પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. મિંઢોળા નદીથી આમડાપોર સ્થિત પૂર્ણા નદીના બ્રિજ સુધીના હાઇવે પટ્ટા પર એક મહિનામાં પાંચ અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે.

ક્લાઈમેટ ચેન્જ સામે સોલાર ઊર્જા અપનાવવા ઉદ્યોગકારોને હાકલ

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વન પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ વાપી CETP પ્લાન્ટની મુલાકાત લઈ ઉદ્યોગકારો સાથે બેઠક યોજી

વાપીઃ રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ રવિવારે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઇની ઉપસ્થિતિમાં વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સીઈટીપી પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને ત્યારબાદ એસોસિએશનના સભ્યો સાથે બેઠક કરી હતી.

આ પ્રસંગે મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ જણાવ્યું કે, ઔદ્યોગિક રીતે વાપી અને ઉમરગામ વિકસિત થયું, તેમાં ઉદ્યોગપતિઓનો મોટો ફાળો છે. ઉદ્યોગકારોના જે પણ પ્રશ્ન હોય તેનો ઉકેલ લાવી ટકાઉ વિકાસ સાથે આગળ વધીશું. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ એટલે કે, ધંધો- ઉદ્યોગ શરૂ કરવો અને ચલાવવો સરળ બને તેવી વ્યવસ્થા ગોઠવવા માટે ઘણા સુધારા કર્યા છે. વધુમાં મંત્રી અર્જુનભાઈએ ક્લાઈમેટ ચેન્જ અંગે ઉદ્યોગપતિઓને સોલાર રિવેલ્યુએશનમાં આગળ આવવા હાકલ કરી હતી. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વાપીના ઔદ્યોગિક વિકાસનો પાયો કેવી રીતે નંખાયો તે અંગે મંત્રી અર્જુનભાઈને પુષ્ઠભૂમિકા આપી વાપીના સી.ઇ.ટી.પી. પ્લાન્ટની માહિતી આપી હતી. આ સિવાય નાણાં મંત્રી કનુભાઈએ વાપીની આધુનિક સાધનોથી સજ્જ એ.સી. સ્મશાન ભૂમિની મુલાકાત કરાવી હતી. આ મુલાકાત વેળા વાપી વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, સેક્રેટરી કલ્પેશ વોરા, વાપી વીઆઈએ એડવાઇઝરી કમિટીના મેમ્બર યોગેશભાઈ કાબરીયા, નોટિફાઈડ ચેરમેન મગનભાઈ સાવલિયા સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં.

ઉમરગામના ગોવાડા કોસ્ટેલ હાઈવે પર અકસ્માતમાં બાઈકચાલકનું મોત

ત્રણને ઈજા પહોંચતા સારવાર હેઠળ

ઉમરગામઃ દહાણુ ઘોલવડ ભરવાડ પાડા ટ્રીટ રિસોર્ટ નજીક રહેતાં ફરિયાદી હિતેશ છનાભાઈ આહીર શનિવારે પોતાની મમ્મી લીલાબેન સાથે કમળાની દવા લેવા ટેંભી ગામે ગયા હતા અને સુઝુકી એક્સેસ મોપેડ મોટરસાઈકલ ઉપર પરત ઘરે આવતા હતા. ત્યારે સવારે ગોવાડાથી ઝાઈ તરફ કોસ્ટેલ હાઈવે ઉપર ગોવાડા ચાર રસ્તા પાસે એક કેટીએમ મો.સાઈકલના ચાલકે ઓવરટેક કરવા જતાં વેગેનઆર કાર સાથે અથડાવી દેતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં તેઓ પણ નીચે પડી ગયા હતા. આ અકસ્માતની ઘટનામાં ફરિયાદીને તથા ફરિયાદીની મમ્મી પણ નીચે પડી જતાં ઈજા પહોંચી હતી તથા કેટીએમ ચાલક અમોલ વણજારા (રહે., દહાણુ, જાબુગામ) તથા તેની મોટરસાઈકલની પાછળ બેસેલા મેહુલ ઉમરસાડા નાગનકસ (રહે., જાંબુગામ)ને ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા કેટીએમ ચાલક અમોલ વણજારાને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાઈ રહ્યા હતો ત્યારે રસ્તામાં જ તેનું મોત થઈ ગયું હતું. હિતેશભાઈ છનાભાઈ આહીરે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આપ સર્વેને નવરાત્રીની શુભકામના
બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ
નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ
મજુરી 5.9%*
નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.
R.A. Parikh Jewellers NX
ચીખલી – બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181
*શરતો લાગુ